## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

## સાફલ્યગાથા તા.૦૮/૦૨/૨૦૨૧ થી ૧૪/૦૨/૨૦૨૧

| કચેરી/ શાખા | કચેરી કામગીરીની વિગત |
|---|---|
| ખેરગામ પો.સ્ટે. ગુ.ર.નં ૧૧૮૨૨૦૦૪૨૧૦૦૮૯ | ખેરગામ પો.સ્ટે. ગુ.ર.નં ૧૧૮૨૨૦૦૪૨૧૦૦૮૯ ટુંક વિગત - તે એવી રીતે કે આ કામના વોંટેડ આરોપીઓ અશોક લેલન્ડ ટેમ્પો નં.-GJ-15-AT-7646 નો ચાલક જેના પુરા નામ ઠામની ખબર નથી તથા ટેમ્પો માલિક મનિષકુમાર નાનુભાઇ ગામીત રહે, વરજાખણ હરિજનવાસ તા.માંડવી જી.સુરત નાઓએ એક બીજાની મદદગારી કરી એક સફેદ કલરનો અશોક લેલન્ડ કંપનીનો ટેમ્પો નં.-GJ-15-AT-7646 ની માં પુઠેટીયાની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કીની નાની બાટલીઓ તથા ટીન બિયર કુલ નંગ-૨૦૬૪ જેની કિં.રૂ.૧,૨૯,૬૦૦/-નો મળી તથા અશોક લેલન્ડ ટેમ્પો નં.-GJ-15-AT-7646 ની કિ.રૂ. 3,00,000/- મળી કુલ્લે કિ.રૂ.૪,૨૯,૬૦૦/-નો પ્રોહી મુદ્દામાલ વહન કરી લઈ આવતા પોલીસના માણસોને જોઇ ટેમ્પો ચાલક પોતાનો ટેમ્પો રોડની સાઈડે ઉભી રાખી રોડની બાજુમાં આવેલ ખેતરની વાડીઓમાં નાસી ગયેલ હોય છે વિગેર બાબત |
| | |



જીલ્લા ટ્રાફિક પોલીસ
નવસારી
E-Mail add :- sp-nav@gujarat.gov.in
ટેલીફોન નંબર. ૦૨૬૩૭-૨૮૦૮૦૫

પ્રેસ નોટ તા.૧૦/૦૨/૨૦૨૧

વધુ અવાજ કરતા સાયલેન્સર વાળા બુલેટ ચાલકો પર કાર્યવાહી કરી
કુલ-૭૦ બુલેટ ડિટેઇન કરતી નવસારી જીલ્લા પોલીસ

આજરોજ મહેરબાન પોલીસ અધિક્ષક શ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ નાઓ તથા આર.ડી.ફળદુ ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારી વિભાગ, નવસારી નાઓએ બુલેટ લઇને નીકળતા ઇસમો પોતાની રાહદારીઓનુ ધ્યાન પોતાના તરફ આકર્ષવા તથા તેમના મલીન ઇરાદાઓ સફળ કરવા ફુલ સ્પીડમાં સાયલેન્સરનો અવાજ (ન્યુસન્સ) એટલો વિસ્ફોટક અને ભયાનક રીતે હોય છે કે જેનાથી નાના બાળકોના કાનમાં હંમેશ બહેરાશ આવી જાય તેમજ તેની આજુબાજુમાં વાહન ચલાવતા વ્યકિતઓનુ પણ ધ્યાન ડ્રાઇવીંગ પરથી વિચલીત થાય છે જેના કારણે અકસ્માત થતા હોય છે. જેથી આવા બુલેટ ચાલકો વિરુધ્ધ કાર્યવાહી કરવાની સુચના તથા માર્ગદર્શન આધારે આજરોજ નવસારી જીલ્લા ટ્રાફિક પો.સ.ઇ. શ્રી એચ.પી.ગરાસીયા નાઓની ટીમે તથા જિલ્લાના જુદા-જુદા પોલીસ સ્ટેશન દ્વારા અલગ-અલગ જગ્યાઓ ઉપર વાહનચેકિંગ દરમ્યાન આવા વધુ અવાજ (ન્યુસન્સ) કરતા સાયલેન્સર વાળા બુલેટ લઇને નીકળતા ચાલકો પર કાર્યવાહી કરી કુલ-૭૦ બુલેટ ડીટેઇન કરવામાં આવેલ છે.



સુરક્ષા સેતુ તેમજ મહિલા સુરક્ષા સમિતીની બહેનો દ્વારા નવસારી ટાઉન પો.સ્ટે.મિટીંગ તેમજ સુરક્ષા સબંધી પેમ્પલેટ વિતરણ કરવામાં આવેલ.







## પ્રેસનોટ તા.૧૪/૦૨/૨૦૨૧

### નેશનલ હાઇવે ઉપર આવેલ હોટલ/ધાબાઓના પાર્કીંગમાં પાર્ક કરેલ ફોર વ્હીલ ગાડીના કાચ તોડી કિંમતી મસ-સામાન તથા રોકડ રકમની ચોરી કરતી ગીલોલ ગેંગને ઝડપી નવસારી, વલસાડ તથા સુરત ગ્રામ્યના ૪ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી નવસારી એલ.સી.બી

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ નાઓએ નેશનલ હાઇવે ઉપર આવેલ હોટલ/ધાબાઓના પાર્કીંગમાં પાર્ક કરેલ ફોર વ્હીલ વાહનોના કાચ તોડી કિંમતી મસ-સામાન તથા રોકડ રકમની ચોરી કરતી સક્રિય ગેંગને ઝડપી પાડવા અસરકારક વ્યુહ રચના ઘડવા આપેલ જરૂરી સુચના અન્વયે ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ સાહેબનાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ્પે. વી.એસ.પલાસ નાઓ એલ.સી.બી ટીમના પોલીસ માણસો સાથે આવા પ્રકારના બનેલ ગુનાઓ વાળી જગ્યાઓના સીસીટીવી ફુટેજ મેળવી એનાલીસીસ કરી આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત કરવા અંગેની કાર્યવાહી કરી વર્ક આઉટ કરી આજરોજ ને.હા.નં.૪૮ ઉપર પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હે.કો અજીતસિંહ ગોવિંદભાઇ, હે.કો મિતેષભાઇ મનસુખભાઇ નાઓને મળેલ બાતમી આધારે ટાંકલ ચેકપોસ્ટ ખાતે રસ્તા પાસે રોડ ઉપર વોચ ગોઠવી આરોપી (૧) મોહમદઅલી ઉર્ફે સાહુલ શૌકતઅલી પઠાણ ઉ.વ.૪૨ રહે. સહકાર ગ્રામ, ભાઇજાન પાર્ક સોસાયટી મકાન નં-૮૮, સાજી રોડ, સચુપ તા.જી.સુરત (૨) સિદ્દીક સબ્બીરભાઇ રિયાન ઉ.વ.૨૫ રહે.હાલ મૈરપુરગ્રામ નાગીનદાસી તા.જી.સુરત મુળરહે. મહારાષ્ટ્ર સિરાજ ફળીયા તા.ગ્રામીણ જી.સુરત (૩) તનવીર અબ્બાસભાઇ પઠાણ ઉ.વ.૨૩ રહે. સહકાર ગ્રામ મઝીમનગર સોસાયટી, સહુધમાઓને સફેદ કાર નં.GJ-16-AJ-4826 માં પાછળની સીટ ઉપર બેસાડેલી અલગ-અલગ જગ્યાએથી ચોરી કરેલ મોબાઇલ ફોન-૦૪ કિ.રૂ.૧૮,૦૦૦/-, સોનાની ચેઇન-૦૧ કિ.રૂ.૩૦,૦૦૦/-, સોની કંપનીના કેમેરા-૦૨ કિ.રૂ.૧,૧૫,૦૦૦/-, ફ્લેશ લાઇટ-૦૨ તથા ચાર્જર-૦૧ કિ.રૂ.૧૫,૦૦૦/-, ચોરી કરવા માટે ઉપયોગમાં લીધેલ ગીલોલ-૦૧, છરા-૦૪ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ રૂ.૦૧,૭૮,૦૦૦/- મુદ્દામાલ તથા તેઓની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન-૦૨ કિ.રૂ.૪૦૦૦/- તથા ચોરી કરવા માટે ઉપયોગમાં લીધેલ સફેદ કાર નં.GJ-16-AJ-4826ની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- મળી રૂ.૦૨,૦૪,૦૦૦/- મળી કુલ રૂ.૦૩,૮૨,૦૦૦/- નો મુદ્દામાલ CRPC કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી ત્રણેય ઇસમોને આજરોજ તા.૧૪/૦૨/૨૦૨૧ના રોજ ક.૧૭/૦૦ વાગે CRPC કલમ-૪૧(૧)ડી મુજબ અટક કેર કરી પ્રાંસગીક કાર્યવાહી કરેલ છે.

**એમ.ઓ.-** આરોપીઓ હાઇવે ઉપર આવેલ હોટલ/ધાબા ઉપર પાર્ક કરેલ ફોર વ્હીલ ગાડીઓની રેકી કરી ગીલોલ થી કાચ તોડી કિંમતી મસ-સામાન તથા રોકડ રકમની ચોરી કરે છે.

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી :-**

PI વી.એસ.પલાસ, PSI પી.આર.સુર્વેન્શી, ASI કલ્પેશભાઇ રામભાઇ, ASI સુનિલસિંહ રતિસિંહ, HC અજીતસિંહ ગોવિંદભાઇ, HC મીતેષભાઇ મનસુખભાઇ, HC અરૂણસિંહ જગતસિંહ, HC મિલિંદભાઇ અશોકભાઇ, HC સુરેશભાઇ વિષ્ણુભાઇ, PC દિલીપભાઇ લક્ષ્મણભાઇ, PC અર્જુનભાઇ પ્રભાકરભાઇ, PC સંદીપભાઇ પીરાભાઇ, PC મહેશભાઇ રામજીભાઇ

**આરોપીઓએ કરેલ ગુનાની કબુલાત :-**

(૧) ચીખલી પો.સ્ટે. પાર્ટ A-ગુ.ર.નં. ૧૧૮૨૨૦૦૨૨૧૦૨૮૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪

(૨) પારડી પો.સ્ટે. પાર્ટ A-ગુ.ર.નં. ૧૧૨૦૦૦૩૮૨૧૦૩૧૯/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯

(૩) ડુંગરી પો.સ્ટે. પાર્ટ A-ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૯૨૧૦૧૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯

(૪) મહુવા ગ્રામ્ય પો.સ્ટે. પાર્ટ A-ગુ.ર.નં.૧૧૨૦૦૦૧૧૨૧૦૧૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯

(૫) ચીખલી સાહીદ હોટલની હોટલના પાર્કીંગમાં પાર્ક કરેલ મિરાઝ કારમાંથી મોબાઇલ ફોન તથા પરચુરણ સામાનની ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૬) ચીખલી દર્શન હોટલના પાર્કીંગમાં પાર્ક કરેલ સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી મોબાઇલ ફોન તથા પરચુરણ સામાનની ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૭) કોસંબા હાઇવેની બાજુમાં આવેલ ચોકલેટ ફેક્ટરી તેમજ દુકાન નજીક પાર્ક કરેલ કારમાંથી મોબાઇલ ફોન ચોરી કરેલાની કબુલાત કરેલ છે.



## પ્રેસનોટ તા.૧૧/૦૨/૨૦૨૧

### છેલ્લા ૧૦ વર્ષથી નવસારી ગ્રામ્ય પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીઓને ડિટેઇન કરતી એલ.સી.બી/પેરોલ ફર્લો સ્કોડ નવસારી

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ, નવસારી નાઓએ હાલમાં પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુ.રા.ગાંધીનગર નાઓની કચેરી તરફથી નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ઝુંબેશ હાલમાં ચાલુ હોય જે ઝુંબેશ અનુસંધાને નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીની ધરપકડ કરવા અંગે જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી તથા પો.એસ.આઇ. વિજયસિંહ દલપતસિંહ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી નવસારી, અ.હે.કો. અરૂણસિંહ જગતસિંહ નોકરી એલ.સી.બી. નવસારી નાઓ સાથે મહારાષ્ટ્ર રાજ્ય ખાતે નાસતા-ફરતા આરોપી પકડવા સારૂ ગયેલ હતા. તેમજ ટેકનિકલ એનાલીસીસ માટે અ.પો.કો. સંદીપભાઇ પીરાભાઇ તથા અ.પો.કો. મહેશભાઇ રામજીભાઇ નાઓ પણ મદદમાં હતા. દરમ્યાન હ્યુમન સોર્સિસ તથા ટેકનિકલ એનાલીસીસની મદદથી ખાનગી હકીકત મળેલ કે, નવસારી ગ્રામ્ય પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૨૦૧/૨૦૧૦ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫ઇઇ, ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી ઇબ્રાહીમ કલ્લખાન રહે. બી/૨૧૩ મીરાગાંવ અમર પેલેસ મીરા રોડ ઇસ્ટ થાણા મહારાષ્ટ્ર નાનો હાલ ફ્લેટ નં.૧૦૦૧, ફિમ્પુંન હાઇટ્સ સોસાયટી લિમીટેડ, જુનીમી કાલમ રોડ, મીરા રોડ ઇસ્ટ થાણે મહારાષ્ટ્ર ખાતે રહે છે જે મળેલ ખાનગી હકીકત આધારે આરોપી મળી આવતા આરોપી નાસતા-ફરતા હોવા અંગે નવસારી ગ્રામ્ય પો.સ્ટે.માં ખાતરી કરતા તે ઉપરોક્ત ગુનામાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતો-ફરતો હોવાનું જણાય આવતા આરોપીને ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી ગ્રામ્ય પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.



પ્રેસનોટ તા.૦૬/૦૨/૨૦૨૧

**છેલ્લા ૭ વર્ષથી જલાલપોર પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા બે આરોપીઓને ડિટેઇન કરતી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ નવસારી**

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ, નવસારી નાઓએ હાલમાં પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુ.રા.ગાંધીનગર નાઓની કચેરી તરફથી નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ઝુંબેશ હાલમાં ચાલુ હોય જે ઝુંબેશ અનુસંધાને નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીની ધરપકડ કરવા અંગે જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી તથા એ.એસ.આઇ. વિજયસિંહ દલપતસિંહ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી નવસારી, વુ.એ.એસ.આઇ. રેખાબેન મોહનભાઇ તથા હે.કો.નીલેશભાઇ અશોકભાઇ બંને નોકરી એલ.સી.બી. નવસારી નાઓ સાથે મહારાષ્ટ્ર રાજ્ય ખાતે નાસતા-ફરતા આરોપી પકડવા સારૂ ગયેલ હતા. તેમજ ટેકનિકલ એનાલીસીસ માટે અ.પો.કો. સંદીપભાઇ પીતાભાઇ તથા આ.પો.કો. મહેશભાઇ રામજીભાઇ નાઓ પણ મદદમાં હતા. દરમ્યાન હ્યુમન સોર્સિસ તથા ટેકનિકલ એનાલીસીસની મદદથી બાતમી હકીકત મળેલ કે, જલાલપોર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૫/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૩૦૬, ૪૨૦, ૪૫૪, ૪૫૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુનાના કામના આરોપી બેન (૧) રશ્મીતાબેન વા/ઓ સંતોષભાઇ દલપતભાઇ રાઠોડ મુળ રહે. ભીમળગામ માહ્યાવંશી મોહલ્લો તા.જલાલપોર જી.નવસારી હાલ રહે. કોસંબા કુવાદાગામ વસંત રબરની ફેકટરીની ચાલીમાં તા.કામરેજ જી.સુરત રહે છે તથા તેના સસરા આરોપી નં.(૨) દલપતભાઇ નાનીયાભાઇ રાઠોડનાઓ ગોવિંદનગર શેઠ ચલીયાની ચાલ, પોદાર સ્કુલની સામે, મલાડ ઇસ્ટ મુંબઇ ખાતે પોતાની દીકરી દમયંતીબેનના ઘરે રહે છે.

જે મળેલ બાતમી હકીકત આધારે કોસંબા સુરત ખાતે જઇ તપાસ કરતા આરોપી બેન (૧) રશ્મીતાબેન વા/ઓ સંતોષભાઇ દલપતભાઇ રાઠોડ ઉ.વ.૩૨ મુળ રહે. ભીમળગામ માહ્યાવંશી ફળી તા.જલાલપોર જી.નવસારી હાલ રહે. કોસંબા કુવાદાગામ વસંત રબરની ફેકટરીની ચાલીમાં કામરેજ જી.સુરત નાની કોસંબા સુરત ખાતેથી મળી આવતા તેમજ મુંબઇ મહારાષ્ટ્ર ખાતેથી આરોપી (૨) દલપતભાઇ નાનીયાભાઇ રાઠોડ ઉ.વ.૭૦ મુળ રહે. જલાલપોર ભીમળગામ, હરીજનવાસ, જલાલપોર જી.નવસારી હાલ રહે. ગોવિંદનગર શેઠ ચલીયાની ચાલ, પોદાર સ્કુલની સામે, મલાડ ઇસ્ટ મુંબઇ ખાતેથી મળી આવતા ઉપરોકત બંને આરોપીઓ નાસતા-ફરતા હોવા અંગે જલાલપોર પો.સ્ટે.માં ખાતરી કરતા તેઓ બંને ઉપરોકત ગુનામાં છેલ્લા ૭ વર્ષથી નાસતા-ફરતા હોવાનું જણાય આવતા બંને આરોપીઓને ડિટેઇન કરી બંને આરોપીઓને આગળની વધુ કાર્યવાહી અર્થે જલાલપોર પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.

તા.03/02/2021

**ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી તથા ટીન બીયરની બાટલીઓ નંગ-૧૦૬૮ કિ.રૂ.૦૧,૨૭,૨૦૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને ડીટેઇન કરતી નવસારી એલ.સી.બી**

હાલમાં ચાલી આવતી આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણી અન્વયે આગેના જીલ્લામાં પ્રોહીબીશન તેમજ જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા આર.ડી.ફળદુ ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક નવસારી વિભાગ, નવસારી નાઓએ પી.એમ.પરમાર પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે તા.03/02/2021ના રોજ અ.હે.કો. જયેશભાઇ ગોવિંદભાઇ, અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, પો.કો. કિરણભાઇ ભગુભાઇ, તથા પો.કો.વિપુલભાઇ નાનુભાઇ નાઓ સાથે ચીખલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ગુના અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અ.હે.કો.જયેશભાઇ ગોવિંદભાઇ તથા પો.કો. કિરણભાઇ ભગુભાઇ નાઓને સંયુકત રીતે બાતમી હકીકત આધારે જુડાવેલ ધાર રસ્તા પાસે બાતમી હકીકતવાળા ૪૦૭ ટેમ્પાની વોચમાં હતા. દરમ્યાન રૂમલાગામ તરફ થી આવતા રોડ ઉપર ઉપરોકત બાતમી હકીકતવાળી લાલ કલરની હુન્ડાઇ આઇ-૧૦ કાર આવતા તેને રોકવા ઇશારો કરતા તેને પોતાની કાર પુર ઝડપે હંકારી ને રાનકુવા તરફ નાશી ગયેલ અને તેની પાછળ તુરંત જ ઉપરોકત બાતમીમાં જણાવેલ ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો નંબર GJ-07-X-3221 નો આવતા તેને ઉભો રાખવા ઇશારો કરતા ૪૦૭ ટેમ્પા ચાલક ઉભો રાખતા અને ટેમ્પામાં જોતા ચાલક એકલો બેઠેલ હોય ટેમ્પાના કેબીનમાં સીટના નીચે ભારતીય બનાવટની વિદેશી દારૂની છુટી બાટલીઓ તથા પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની બાટલીઓ ભરેલ હોય જે ગણી જોતા નંગ-૧૦૬૮ જેની કિ.રૂ.૧,૨૭,૨૦૦/-મળી આવેલ. પકડાયેલ ચાલકનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ વિવેકભાઇ ગણપતભાઇ પી.પટેલ ઉ.વ.૨૦ રહે-સીનવાડાગામ વાઝરી ફળીયા તા.પારડી જી.વલસાડનો હોવાનુ જણાવેલ. પકડાયેલ આરોપીની પુછપરછ કરતા તેણે જણાવેલ કે, ટેમ્પાની આગળ પાયલોટીંગ કરનાર લાલ કલરની હુન્ડાઇ આઇ-૧૦ કારમાં બેઠેલ વોન્ટેડ આરોપી નં-(૨) વિમલ પટેલ રહે-પરીયા દમવાડા તા.પારડી જી.વલસાડ તથા (૩) સચિન પી.પટેલ રહે-સામરપાડા તા.પારડી જી.વલસાડ જેના પુરાનામ જણાવેલ નથી. તેમજ આ પ્રોહી મુદ્દામાલ વિમલ પટેલ રહે-પરીયા દમવાડા તા.પારડી જી.વલસાડ તથા નં-(૪) વિમલ પટેલ રહે-પરીયા દમવાડા તા.પારડી જી.વલસાડ નાને વિમલ ઓળખે છે નાઓએ ભરી આપેલ હોવાનુ જણાવેલ છે. જેથી ટેમ્પોના ચાલક તથા વોન્ટેડ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી વહન કરી લઇ જતાં પકડાઇ ગયેલ હોય જેથી ચીખલી પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસ શ્રી પી.પી.પાટીલ પો.સ.ઇ. નવસારી રૂરલ પોલીસ સ્ટેશન નાઓ તરફ કરેલ છે.

(૧) પકડાયેલ આરોપીનુ નામ (૧) વિવેકભાઇ ગણપતભાઇ પી.પટેલ ઉ.વ.૨૦ રહે-સીનવાડાગામ વાઝરી ફળીયા તા.પારડી જી.વલસાડ

(૨) ટેમ્પાની આગળ પાયલોટીંગ કરનાર લાલ કલરની હુન્ડાઇ આઇ-૧૦ કારમાં બેઠેલ વોન્ટેડ આરોપી નં-(૨) વિમલ પટેલ રહે-પરીયા દમવાડા તા.પારડી જી.વલસાડ તથા વોન્ટેડ આરોપી (૩) સચિન પી.પટેલ રહે-સામરપાડા તા.પારડી જી.વલસાડ જેના પુરા નામઠામની ખબર નથી

(૩) માલ ભરી આપનાર વોન્ટેડ આરોપી નં-(૪) વિમલ પટેલ રહે-પરીયા દમવાડા તા.પારડી જી.વલસાડ તથા વિમલ ઓળખે છે. જે એક અજાણ્યો ઇસમ જેનુ નામ સરનામુ ખબર નથી

